**ફોજદારી ઈન્કવાયરી નં.૧૫૭–૨૦૨૬**

**આંક–૧ નીચે હુકમ**

**૧.** હાલની ફરિયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા.આ કામના ફરિયાદીએ હાલની ફરિયાદ પોતે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨(૨૮) અંતર્ગત "સરકારી નોકર" તરીકે ફરજ બજાવતા હોય દાખલ કરેલી છે.જેથી આ કામે હાલની ફરિયાદ/ઈન્કવાયરી સબબ આરોપીને નોટીસ કરતા તેની ધારા ધોરણસરની બજવણી થતા આરોપી આજરોજ જાતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ છે.

**૨.** આજરોજ આ કામના આરોપીપક્ષની રજુઆત ધ્યાને લેતાં તેઓએ હાલની ફરિયાદ સંબંધે કોઇ વાંધા કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વધુમાં આરોપીએ આંક–૬ થી પુરસીસ આપી સદર ફરિયાદ બાબતે સંજ્ઞાન લેવામાં આવે તો તેઓને કોઈ વાંધો તકરાર નથી તેવુ જાહેર કરેલ છે.તે સંજોગોમાં આ કામે રજુ ફરિયાદીની ફરિયાદ અને કેસ પેપર્સ ધ્યાને લેતાં આરોપી સામે ગુના સબબ પ્રથમ દર્શનીય ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતા અને સબળ કારણો જણાઈ આવે છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ–**

**૧.** હાલની ફરિયાદ ઈન્કવારી રજીસ્ટરેથી આથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી આરોપી સામે બી.એન.એસ. એસ.એકટની કલમ–૨૨૭ અન્વયે ફરિયાદ સબબના ગુના અંગેનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** સદર કેસની હવે પછીની મુદત તારીખ–૧૧/૦૭/૨૦૨૬ ના રોજની રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| તા.૦૬/૦૬/૨૦૨૬<br>સુરત | **(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**<br>એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,<br>મજુર અદાલત,સુરત<br>Code No.GJ01279 |